સુવિચાર
જિંદગી કાયમ એક નવો મોકો આપે છે, સરળ શબ્દોમાં તેને 'આજ' કહેવાય છે !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૫/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
દર રવિવારે
શુદ્ધ શિંગતેલમાં બનાવેલુ
રજવાડી ઊંધિયું મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જિલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૧ વૈશાખ વદ-૫ વર્ષ : ૧૬ અંક : ૧૩૩

## જિલ્લા ભાજપ કાર્યાલય ખાતેથી સવારે ૯ કલાકે થશે પ્રસ્થાન

# અમરેલીમાં આજે ભાજપ દ્વારા “તિરંગાયાત્રા” યોજાશે

**ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર દ્વારા મા ભારતીને અને તિરંગાને ગૌરવ અપાવેલ હોવાથી યોજાશે યાત્રા**

**અમરેલી જિલ્લાનાં નાગરિકોને બહોળી સંખ્યામાં તિરંગા યાત્રામાં જોડાવવા અનુરોધ કરાયો**

**એસ.ટી. બસપોર્ટ, ડો. જીવરાજ મહેતા ચોક થઈને નાગનાથ મંદિર સુધી યાત્રા યોજાશે**

**જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીનાં નેતૃત્વમાં તડામાર તૈયારીઓ**

અમરેલી, તા. ૧૬

અમરેલીમાં આવતીકાલ શનિવારે સવારે ૯ કલાકે જિલ્લા ભાજપ કાર્યાલય ખાતેથી તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર ધ્વારા મા ભારતીને તથા આપણા તિરંગાને જે ગૌરવ અપાવ્યું એ ગૌરવને વધારવા અમરેલી જિલ્લાનાં નાગરિકોને વિશાળ સંખ્યામાં યાત્રામાં જોડાવવા જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ અનુરોધ કરેલ છે.

### ચુડા ગામે બાઈક લઈને જતાં હોય

## વડિયાનાં અમરાપુર ગામનાં ધીરૂભાઈ ઢોલરીયાનું માર્ગ અકસ્માતમાં મોત

**માથાનાં ભાગે ગંભીર ઈજા થવાથી મોત નિપજયુ**

અમરેલી, તા. ૧૬

વડિયા તાલુકાના અમરાપુર ગામે રહેતા ધીરૂભાઈ અરજણભાઈ ઢોલરીયા તેમનું મોટર સાયકલ નંબર જી.જે.-૧૪બીસી-૬૧૨૮ નું લઈ તા. ૧૫ના રોજ સાંજે ૬:૪૫ વાગ્યા દરમ્યાન અમરાપુર ગામથી ચુડા ગામે જતા હતા. તે વખતે અમરાપુર ગામેથી કુંકાવાવ તરફ જતા હતા ત્યારે તેનું મોટર સાયકલ સ્લીપ થઈ જતા તેઓ નીચે પડી જતા તેમને ડાબા નેણની ઉપર માથાના ભાગે હેમરાજ જેવી ગંભીર ઈજા થતાં ધીરૂભાઈ અરજણભાઈ ઢોલરીયાએ પોતે પોતાનું મોત નિપજાવ્યા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### નિયમોની ઐસી-તૈસી કરીને

## સાવરકુંડલામાં નવો માર્ગ બનતો હોય બાઈક સ્લીપ થતાં આધેડનું થયું મોત

**માર્ગ બનાવનાર એજન્સીની બેદરકારી**



સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા શહેરમાંથી અમરેલીથી રાજુલા-મહુવા તરફ પસાર થતાં હાઈવે માર્ગનું નવીનીકરણ થઈ રહ્યું છે. આ રોડ અમરેલી રોડ તરફથી નવો બનાવવાનું શરૂ કરવામાં આવેલ છે. જેમાં હયાત રોડને દોઢ દોઢ ફૂટ ઊંડો ઉતારી નવો બનાવવામાં આવી રહ્યો છે. ત્યારે આ બની રહેલા રોડ ઉપર કોઈ દિશા સૂચક બોર્ડ કે તાર ફેન્સીંગ ન હોય વારંવાર અકસ્માતના બનાવો બની રહ્યા છે. ત્યારે ગઈકાલે રાત્રે જ આવા એક બનાવમાં સાવરકુંડલામાં રહેતા આધેડનું મોત થતાં શહેરભરમાં અરેરાટી સાથે રોષ પ્રસરી જવા પામ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર સાવરકુંડલાના અમરેલી રોડ પર ગેટથી શહેર તરફ મોટરસાયકલ લઈ આવી રહેલા એક આધેડ રોડ સાઈડથી પોતાના ટુ વ્હીલ ઉપર પસાર થઈ રહ્યા હતા. ત્યારે રાતના અંધારામાં સાઈડમાં જ બની રહેલા રોડના કામ માટે ગાળવામાં

અનુસંધાન પાના ૬ ઉપર

### પાલિકાનાં શાસકોની સફાઈ કાર્ય કરવામાં ઉદાસીનતા

## જાફરાબાદનાં લાઈટ હાઉસ માર્ગની બાજુમાં ગટરનાં ગંધાતા પાણી બારેમાસ ભરાયેલા રહેતા હોય પરેશાની

**રમણીય સ્થળ હોવાથી પ્રવાસીઓને પણ પસાર થવામાં મુશ્કેલી**



તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ

જાફરાબાદ, તા. ૧૬

જાફરાબાદ તુર્કીમોહલ્લા વોર્ડ નં. ૭માં વહેતાં ભૂગર્ભગટરના પાણી રોડ ઉપર અવારનવાર ચડતા હોય આ તમામ દુર્ગંધ મારતાં ડ્રેનેજ પાણી અહીં આવેલ તળાવમાં ગરકાવ થતું હોય આ બારેમાસ ભરાયેલા તળાવમાં વરસાદી પાણી તથા તમામ વિસ્તારોમાંથી આવતું ડ્રેનેજ પાણી અહીં તળાવમાં એકઠું થતું હોય અહીંથી પસાર થતા રાહદારીઓ તથા અહીં આવેલ રમણીય અરબી સમુદ્રનો નજારો જોવા જતા પ્રવાસીઓ અહીંથી પસાર થતા આ દુર્ગંધથી મોંઢે ડુચા મારવા પડતા હોય છે. પરંતુ પાલિકા દ્વારા અહીં ભરાતા તળાવનું પાણી અતીશય દુર્ગંધ મારતું હોય તેનો નિકાલ કરવામાં આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. આ બાબતે અહીંના રહીશો દ્વારા આ તળાવનું પાણીના નિકાલ બાબતે વર્ષથી રજુઆત છતાં જવાબદાર પાલિકા કરી રહી છે. ઠાગાઠૈયા હાલમાં જ આ વોર્ડ નંબર ૭ માંથી ચુંટાયેલા સભ્યો દ્વારા ચિફ ઓફિસર તેમજ હાલના પ્રમુખને મૌખિક રજૂઆતો કરવામાં છતાં કોઈ પણ જાતની વ્યવસ્થા કે સાફસફાઈ કરવામાં આવી નથી. અહીં તળાવની ફરતે બાજુમાં બાવળીયા અને ઝાડી ઝાંખરા હોવાથી રાત મધરાતે પસાર થવું જોખમી હોય છે. અહીં તળાવની નજીક નાના ભૂલકાઓ માટે આંગણવાડી પણ આવેલી હોય પરંતુ આ ભરેલા તળાવનું પાણી અતીશય દુર્ગંધ મારતું હોવાથી અહીં આવતાનાં બાળકોને કોઈ રોગચાળો વકર્યો તો જવાબદારી કોની? પાલિકામાં ચુંટાયેલા સભ્યોનું પણ જવાબદાર લોકો સાંભળતા ના હોય તો આમ જનતાનું કોણ. પાલિકામાં વિસ્તારમાંથી ચુંટાયેલા સભ્યો દ્વારા ગંદકીમાં ગરકાવ ડ્રેનેજનું ગંદુ પાણી લોકોના ઘર આંગણે વહી રહ્યું છે. જેને રોગચાળો ફાટી નીકળવાની દહેશત ગરીબ અને લાચાર પરિવારોની મજબૂરી સમજી શકાય એવી મળતી માહિતી મુજબ અનેક રજૂઆતો છતાં આ બાબતે જાફરાબાદ નગરપાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. અહીંના લોકો નર્કસમાન જિંદગી જીવવા મજબૂર જે-તે વિસ્તારના જાગૃત જણો દ્વારા અનેકવાર રજૂઆતો પરંતુ કુંભકર્ણની નિંદ્રામાં સુતેલું પાલિકા તંત્ર કોઈ પણ સાફસફાઈની કામગીરી કરવામાં આવતી નથી. ઘણા સમયથી સમસ્યા એમની એમ અહીંયા રહેતા લોકો ગંદકીથી ત્રાહિમામ પોકારી ઉઠયા છે. અને આ ગંદવાડાના લીધે માંદગી માં સપડાય રહ્યા છે. સ્વચ્છ ભારતના સપનાને સાકાર કરવા વડાપ્રધાન દ્વારા

અનુસંધાન પાના ૬ ઉપર

### ધારીનાં જીરા ગામે બની ઘટના

## પતિ દારૂ પીને ઘરે આવતા પત્નીએ વિરોધ કરતાં બઘડાટી બોલી : ફરિયાદ

**પતિનાં મિત્રો સહિતનાં ઈસમો વિરૂઘ્ધ ફરિયાદ**

અમરેલી, તા. ૧૬

ધારી તાલુકાના જીરા ગામે રહેતી શોભનાબેન વલકુભાઈ ચારોલા નામની ૩૫ વર્ષિય પરિણીતા તથા અનિભાઈ તથા મયુરીબેન વિગેરે ગત તા. ૧૩ના રોજ રાત્રીના એકાદ વાગ્યે પોતાના ઘરે હતા. તે દરમિયાન તેણીના પતિ આરોપી વલકુ સવજીભાઈ ચારોલા નશો કરેલી હાલતમાં પોતાના ઘરે આવેલ હોય. જેથી તેણીએ પોતાના પતિને પીધેલી હાલતમાં શું કામ ઘરે આવો છો? તેમ કહેતા આરોપી પતિને સારૂં લાગેલ ન હોય. જેથી પોતાની પત્નિને ગાળો દેવા લાગેલ અને તે દરમિયાન આરોપી વિઠલ સવજીભાઈ ચારોલા ત્યાં આવેલ અને તેના હાથમાં લોખંડની પાઈપ હોય તેનો એક ઘા પરિણીતાને જમણા હાથે મારી દઈ ફેકચર કરી દીધેલ હતું અને આરોપી રસીક સવજીભાઈ ચારોલાના હાથમાં પણ લોખંડની પાઈપ હોય જેમણે પણ પરિણીતાને વાસાના ભાગે તથા સાંથળના ભાગે મારી ઈજા કરેલ હતી તથા તેણીનાં સાસુ આરોપી ઠાકરબેન સવજીભાઈ ચારોલાએ પણ લોખંડનો પાઈપ માથાના ભાગે મારી ઈજા કરતાં પરિણીતાને બચાવવા અનિભાઈ તથા પરિણીતાના દીકરાની વહુ મયુરીબેન વચ્ચે પડતા તેને પણ પગમાં મારી ઈજા કરી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
નોર્મલ-જોખમી-સિઝેરીયન પ્રસુતિ
NST Machine
એન્ડોસ્કોપી તથા લેપ્રોસ્કોપી સેટઅપ
વંધ્યત્વની આધુનિક સારવાર
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
સરનામું
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી / ફોન નં.(૦૨૭૯૨) ૨૨૧૩૨૪

વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ
:: શૈક્ષણિક વિશેષતાઓ ::
Foundation ની તૈયારી કરશે.
Advance Maths-Science,
English
મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે
અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE-NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા
... સ્કોલરશીપ યોજના...
ધોરણ 8 95% ઉપર 9 મું FREE
ધોરણ 9 95% ઉપર 10 મું FREE
ધો.8-9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલશીપ મેળવી શકશે.
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ પક હેતુલક્ષી પ્રશ્નો ::
15 MATHS+15 SCI + 10 ENG.+ 10 S.S.
કૃણાલ ધોળકીયા Maths, M.Sc.,B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડયા મનોજભાઈ Science, M.Sc.,B.Ed. અનુભવ 14 વર્ષ
:: એડ્રેસ ::
ગણેશ પાર્ટી પ્લટ સામે, લાઠી રોડ, અમરેલી
કાર્યક્ષેત્ર ::- ધો-9 થી 12
સાયન્સ/કોમર્સ/RENEET
ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
Smart Board ધરાવતા કલાસ..
અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.
ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ CA,CS & CMA
FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા
ધો.-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર
વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 22086

## પૂર્વ ધારાસભ્યએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવીને નારાજગી વ્યકત કરી

# બાબરા પંથકમાં આડેધડ ઉભી થતી પવનચકકીથી પરેશાની

**મોર જેવા રાષ્ટ્રીય સહિતનાં પક્ષીઓ ઉપર પવનચકકીનાં લીધે જોખમ ઉભું થતું હોવાનું જણાવાયુ**

**ગૌચર, નદી અને તળાવોની જમીનોમાં પણ નિયમ વિરૂધ્ધ પવનચકકી ઉભી કરવામાં આવી રહી છે**

**ઉદ્યોગોની લ્હાયમાં પાંચાળની પવિત્ર ભૂમિ અને લાઠીની ઐતિહાસિક ભૂમિને ભાંગી નાખી**

**સમઢીયાળામાં પવનચકકીની મંજૂરી આપનાર તમામ સામે કાર્યવાહી કરવા માંગ**

અમરેલી, તા. ૧૬

લાઠી–બાબરાનાં કોંગ્રેસપક્ષના પૂર્વ ધારાસભ્યએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, બાબરા–લાઠી તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં સરકારની સબસીડી યોજનાનો લાભ લેવા અનેક પવનચકકીઓ નિયમ વિરૂધ્ધ ઉભી થયેલ છે. તત્કાલીન ધારાસભ્ય તરીકે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિમાં આ બાબતે અનેક પ્રશ્નો ઉભા કરેલ હતા પરિણામ શૂન્ય છે. તાજેતરમાં ગૌચરમાં સુકવડા મુકામે પોલ ઉભો કરેલ. આ બાબતે સમઢીયાળા ગ્રામ પંચાયત સરપંચ તથા સભ્યો સાથે ડેલીગેશનરૂપમાં મેં પણ રજૂઆત કરેલ હતી પરંતુ તંત્ર આ બાબતમાં કોઈ કાર્યવાહી કરતું નથી. ઉદ્યોગ થાય તેનો વિરોધ ન હોઈ શકે પરંતુ ઉદ્યોગનાં કારણે ખેતીની જમીન બંજર થાય અને રક્ષીત મોર જેવા પશુ–પક્ષીઓ મોતને ભેટે, ફોરેસ્ટ વિભાગને જણાવીએ તો પણ કોઈ તપાસ ન થાય, તંત્ર અને ઔદ્યોગિક એકની મીલીભગતના કારણે બાબરા અને લાઠી તાલુકાનાં ગામડાઓનાં યુવાનો બેરોજગાર બની રહ્યાં છે, ગામડાઓ છોડી રહ્યા છે, પોતાની કિંમતી જમીન પાણીના ભાવે વહેચી રહ્યા છે તો સરકારનું આ જિલ્લાનાં ગામડાઓને ભાંગી નાખવાનું હોઈ તેવું લાગી રહ્યું છે. જાહેરજીવનનાં આગેવાન તરીકે અનેક પત્રો લખીએ છીએ પરંતુ સાચી વાત સંભળાતી નથી. સમઢીયાળા અને દરેડ મુકામે પવનચકકીના પોલ તૂટી પડયા છે તેની મંજૂરી કેવા સંજોગોમાં અપાઈ હતી ? ગૌચરની જમીનમાં પોલ ઉભા કરી રોડ ઉપર અને તળાવમાં જયાં ત્યાં ઉર્જા વિભાગ પરીપત્રનો ભંગ કરી પોલ ઉભા થઈ રહ્યા છે. તંત્ર આ જિલ્લાને વહેંચી નાખવાનું નકકી કરેલ હોય તો લોકોને હાંકલ કરીને જિલ્લાને છોડવાનું આહવાન કરીએ, હવે તો હદ થઈ છે જાહેરજીવનનાં ૩૫ વર્ષથી વધારે સમયમાં ખેડૂતો માટે, ગામડાઓ માટે, ગરીબ લોકો માટે ચિંતા કરી છે પરંતુ ઉદ્યોગોની લ્હાયમાં પાંચાળની પવિત્રભૂમિ અને લાઠી તાલુકાની ઐતિહાસિક ભૂમિને ભાંગી નાખવાનાં પ્રયાસો થઈ રહ્યાં છે. તાકીદે જિલ્લા મેજીસ્ટ્રેટ તરીકે ગ્રામ પંચાયતની પરવાનગી સિવાય અને ગ્રામસભાને વિશ્વાસમાં લીધા સિવાય આવી કોઈ મંજૂરી થતી હોય તો ન થાય અને ગ્રામસભા બોલાવી પુરી જાહેરાત સાથે આયોજન કરી આવા કાર્યક્રમો ધ્વારા મંજૂરી અપાઈ તેવી આ વિસ્તારનાં જાહેરજીવનના આગેવાનો તરફથી મૌખિક રજૂઆત મળી છે. તો તુર્ત જ આ બાબતે કાર્યવાહી કરી પરીપત્ર કરશો તેવી રજૂઆત છે.

વધારામાં પવનચકકીના નિયમ વિરૂધધનાં થયેલી કાર્યવાહીની આપને કેટલી રજૂઆત મળી છે અને આવા પોલ પડી ગયા છે, નાનીકુંડળમાં આપણા રાષ્ટ્રીય પક્ષી મોર મોતને ઘાટ ઉતર્યા છે તે બાબતમાં તંત્ર ધ્વારા શું પગલાં ભર્યા છે અને તંત્ર આમાં કોઈ પગલા લેવા માંગે છે કે કેમ ? તે અંગે મારા પત્રનો યોગ્ય પ્રત્યુત્તર આપશો અને સમઢીયાળા મુકામે પોલ પડી ગયો છે તેની મંજૂરી આપનાર તમામ કર્મચારી/અધિકારીઓ અને ઉદ્યોગ એકમ ઉપર કાયદાકીય કાર્યવાહી કરવા આ પત્રથી માંગણી સહ રજૂઆત કરી રહ્યો છું.

### ચોમાસાનાં દિવસો નજીકમાં હોય

## જાફરાબાદમાં જર્જરિત મકાનોને હટાવવાની કાર્યવાહી શરૂ કરવી જરૂરી

**અકસ્માતની ઘટના પહેલા કાર્યવાહી કરો**





તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૧૬

જાફરાબાદમાં આવેલ ઈમારતો જર્જરિત સરકારી તેમજ બીન સરકારી ઈમારતો ઝળુંબતુ મોતના માંચડા સમાન હોય. પરંતુ પાલિકા નોટિસ આપી ઔપચારિકતા પૂરી કરવામાં આવે છે. પરંતુ કાયદાનો ડંડો ઉગાડવામાં આવતો નથી. ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એકટ વિથ રૂલ્સ એન્ડ નોટીફિકેશન્સમાં પાલિકાને આપેલી છતાં આવી જર્જરિત ઈમારતોના માલિકો સામે કડક કાર્યવાહી કરવામાં આવતી નથી તેવી ચર્ચાઓ લોકોમાંથી થઈ રહી છે. સરકારી તથા બીન સરકારી ઈમારતો પડે તે પહેલા પાણી પહેલા પાળ પાલિકા બાંધશે કે કોઈ ગોઝારી દુર્ઘટના ઘટે ત્યારે જાગશે? જાફરાબાદ નગરપાલિકા શહેરમાં અનેક જર્જરિત ઈમારતોને દૂર કરવા શું નોટિસો આપી સંતોષ માનશે કે પછી કડક પગલાં ભરશે ? સરકાર બીન સરકારી ઈમારતો મોતનાં માંચડા સમાન ઉભી છે. કદાચ પાલિકા દ્વારા નોટિસ અપાઈ હોય છે. પણ અમલ કરાતો નથી શહેરમાં આવેલ ઈમારતો જુની તાલુકા પંચાયત તથા બંદર ચોકમાં લાઈબ્રેરીની બાજુમાં આવેલ જુના મકાનો અતિશય જર્જરિત હાલમાં તથા ભરચક્ક વિસ્તાર હોવાથી કોઈ અનિચ્છનિય ઘટના ઘટે તેવી ભિતી સેવાઈ રહી છે. ચોમાસું નજીકમાં હોય આવી ઈમારતો ઝળુંબતુ મોત સમાન ઉભી હોય ન કરે નારાયણને કોઈ એવી ઘટના સર્જાઈ તો જવાબદાર કોણ? જાફરાબાદના સુપરમાર્કેટમાં આવેલ દુકાનોના રવેશ અતીશય જર્જરિત હાલતમાં ઉભેલી હોય એ પણ ભરચક્ક વિસ્તાર કે જયાં મોટી સંખ્યામાં મહિલાઓ, વિદ્યાર્થીઓની અવરજવર રહેતી હોય ત્યાં પણ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં પાલિકા કડક કાર્યવાહી કરશે કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે બિલ્ડિંગો મકાનો તેમજ અન્ય ઈમારતો ઝળુંબતુ મોત સમાન હોય હાલમાં ચોમાસુ નજીક આવે છે. ત્યારે જાફરાબાદ નગરપાલિકા શહેરમાં યાદી આધારિત જર્જરિત ઈમારતોને દૂર કરવા ગંભીરતા લેશે ? બિન સરકારી ઈમારતો વર્ષોથી જર્જરિત છે. પાલિકા આવી ઈમારતોને નોટિસો આપે છે. પરંતુ કડક અમલવારી કરાતી નથી જિલ્લા કલેકટર પણ જર્જરિત ઈમારતો ઉતારી લેવા તાકીદ કરી છે. છતાં સરકારી તંત્ર ગંભીરતાથી લેતું નથી શહેરમાં ઘણા સમય પહેલા એસબીઆઈ બેંક છે જૂનવાણી ઈમારત ધરાશાયી થઈ હતી. આ ગોઝારી ઘટનામાં છ થી સાત જણ ગંભીર રીતે ઘાયલ થયા હતા. અને તેમાંથી ત્રણ જણા આ ઈમારતના કાટમાળમાં દબાઈ જતા મૃત્યુ નિપજયું હતું. છ સાત જણમાંથી એક વ્યક્તિ ગંભીર હાલતમાં ભાવનગરથી અમદાવાદ ખસેડાયા હતા. તેનો પણ ટુંકી સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. આ ઘટનામાં ત્રણ માનવ જીંદગી મોતના મુખમાં હોમાઈ હતી. ત્યારે પાલિકા તંત્ર સફાળું જાગ્યું હતું. આ વિસ્તારના અનેક જર્જરિત મકાનોના સર્વે કરી નોટિસ ફટકારવામાં આવી હતી. તેવું જાણવા મળેલ હતું. પાલિકા દ્વારા સર્વે કરી નોટિસો પાઠવી સંતોષ માની લે છે. તેમાં આસામીઓ મર્યાદિત સમયમાં ઈમારત દુર ન કરે તો પાલિકા આસામીના ખર્ચે દૂર કરશે તેવું જણાવ્યું હોય છે. છતાં પાલિકાને આળસ ચડી ગઈ હોય તેવું લાગે છે. પાલિકાનો આવો અભિગમ જોતા એવું લાગે છે કે તે કોઈ અનિચ્છનિય ઘટના ઘટે તેની રાહ જોવે છે. પાલિકાના આવા વલણને કારણે નોટિસ પણ બેઅસર બની રહી છે. વાસ્તવમાં નોટિસને લોકો પણ હળવાશથી લેવા માંડયા છે. પાલિકા સત્તાવાળા ઓ પોતાની જવાબદારીમાંથી છટકી સંતોષ માને છે. આવી ઉદાસીનતા કારણે દુર્ઘટનાઓ સર્જાય છે. નિર્દોષ હોમાય છે. બાદ તંત્ર અને સરકાર મગરના આંસુ સારે છે. હવે તંત્રએ આવી માનસિકતા બદલવાની જરૂર છે. નોટિસ આપ્યા બાદ તેનો સત્વરે અમલ કરવાની પણ જરૂર છે. અનેક જર્જરિત ઈમારતો પડુ–પડુ છે. અહીં બંદર ચોકમાં લાઈબ્રેરીની બાજુમાં ઈમારતો જર્જરિત હાલતમાં હોય ટ્રાફિકથી ધમધમતા આ વિસ્તારમાં જર્જરિત ઈમારતો હોય કયારેક ધરાશયથાય તેવી સ્થિતિમાં છે. કોઈ મોટી દુર્ઘટના બને તે પહેલા જાફરાબાદ નગરપાલિકા તાત્કાલિક પગલાં ભરે તેવી લોકમાગ ઉઠી છે. શહેરના અન્ય વિસ્તારોમાં આવેલ જર્જરિત ઈમારતોની હાલત ચિંતા જનક બની છે. જે જનતા જનાર્દનના જીવન માટે ગંભીર જોખમ ઉભું કરે છે. દર વર્ષે ચોમાસાની શરૂઆત પહેલાં નગરપાલિકા દ્વારા આવી જર્જરિત ઈમારતોના માલિકોને નોટિસો મોકલવાની ઔપચારિકતા પૂરી કરવામાં આવે છે. પરંતુ નક્કર કાર્યવાહીનો અભાવ જોવા મળે છે. ચોમાસાની નિકટતાને ધ્યાને લેતા નગરપાલિકા આ વર્ષે જર્જરિત બિલ્ડિંગો સામે કડક પગલાં લેશે પાલિકા દ્વારા સમયસર પગલાં ન લેવાય તો મોટી જાનહાનિનું જોખમ ઉભું થઈ શકે છે. અહીં જુની મામલતદાર કચેરી સાવ જર્જરિત હાલતમાં હોય ચોમાસા દરમિયાન કોઈ અનિચ્છનિય ઘટના ન ઘટે તે પહેલાં તંત્ર દ્વારા ઉતારી લેવામાં આવશે? કે પછી કોઈ દુર્ઘટના સર્જાઈ ત્યારે ઉતરવામાં આવશે? ચોમાસા દરમિયાન કોઈ જર્જરિત ઈમારતોના લીધે કોઈ અનિચ્છનિય ઘટના ન ઘટે તે પહેલાં તંત્ર દ્વારા તે પહેલાં ગંભીરતા લેવામાં આવશે તેના પર શહેરની જનતા જનાર્દનની નજર રહેશે.

## ચિ. માનસ ખેતાણીએ ધો. ૧૦માં CBSE બોર્ડમાં ૮૧% મેળવ્યા



સ્વપ્ન સેવતા માની ખેતાણી હરહંમેશ જીવદયા, ગૌ સેવા, પશુઓની સેવામાં જ અગ્રેસર રહે છે.

અમરેલી, તા. ૧૬

જાહેર જીવનના વરીષ્ઠ સહકાર અગ્રણી સ્વ. નરોતમભાઈ ખેતાણી તેમજ ગં.સ્વ. હરદેવીબેન ખેતાણીનાં પુત્ર યુવા સેવાભાવી અગ્રણી અને ભારત સરકારની પશુપાલન અને ડેરી મંત્રાલય કમિટી, એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાની એવોર્ડ એન્ડ ઈવેન્ટ કમીટી તેમજ ગુજરાત સરકારનાં સ્ટેટ એનીમલ વેલફેર બોર્ડનાં મેમ્બર મિતલ ખેતાણી અને ડીમ્પલ ખેતાણીનાં સુપુત્ર જીવદયા પ્રેમી ચિ. માનસ ખેતાણીએ ધોરણ ૧૦માં CBSE બોર્ડમાં ૮૧% મેળવીને ખેતાણી પરિવારનું ગૌરવ વધાર્યું છે. ભવિષ્યમાં પશુ ડોકટર બનવાનું

## અમરેલી : પી.સી.પી.એન.ડી.ટી. એકટ રજીસ્ટર્ડ હોસ્પિટલ કિલનિક સહિતના સ્થળોએ સીસીટીવી લગાવવા ફરજિયાત

અમરેલી, તા. ૧૬

પી.સી. પી.એન.ડી.ટી. એકટ અન્વયે જિલ્લામાં રજિસ્ટર્ડ હોસ્પિટલ, કિલનિક, સંસ્થાઓએ સી.સી.ટી.વી લગાવવા ફરજિયાત છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૧૬૩ હેઠળ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે.

રજિસ્ટર્ડ હોસ્પિટલ, કિલનિક, સંસ્થાઓ ખાતે બિનઅધિકૃત્ત લોકોની અવરજવર પર દેખરેખ માટે ૩૦ દિવસના ઓડિયો, વીડિયો રેકોર્ડિંગ બેકઅપ સાથેના સીસીટીવી કેમેરા ફરજિયાત લગાવવા.

રૂમમાં નક્કી કરેલ અધિકૃત વ્યકિત, દર્દી સિવાયની બિનઅધિકૃત્ત વ્યકિત સોનોગ્રાફી માટે પ્રવેશી શકશે નહિ. દર્દીની સોનોગ્રાફી કરવામાં આવતી હોય ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાવી શકાશે નહિ. નક્કી કરેલ સોનોગ્રાફી રૂમની અંદર દાખલ થતાં કે બહાર નીકળતી વ્યકિતઓનો ચહેરો આસાનીથી ઓળખી શકાય તે રીતે સોનોગ્રાફી રૂમમાં બહારના દરવાજાના ભાગે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા.

સંબંધિત ડિસ્ટ્રિક્ટ, સબ ડિસ્ટ્રિક્ટ એપ્રોપ્રિએટ ઓથોરિટી દ્વારા જરૂર જણાયે રેકોર્ડિંગનું બેકઅપ માંગવામાં આવે ત્યારે ફરજિયાત આપવું. બેકઅપમાં ત્રુટિ જણાશે તો હોસ્પિટલ, કિલનિક, સંસ્થા વિરૂધ્ધ પી.સી.પી.એન.ડી.ટી. એકટ–૧૯૯૪ અન્વયે કાયદેસરની કાર્યવાહી થશે.

આ જાહેરનામુ સમગ્ર અમરેલી જિલ્લામાં તા.૭ જુલાઈ, ૨૦૨૫ સુધીના સમગ્ર સમયગાળા દરમિયાન અમલી રહેશે. હુકમના ભંગ બદલ ભારતીય દંડ સંહિતા–૨૦૨૩ની કલમ–૨૨૩ અન્વયે કાયદાકીય કાર્યવાહી હાથ થશે.

**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

### તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીનું નિવેદન

## તિરંગા યાત્રાની આડમાં નરેન્દ્ર મોદીની ઈમેજ બચાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે

**સીજફાયરથી જનતામાં નારાજગી જોવા મળે છે**



અમરેલી, તા. ૧૬

તાજેતરમાં જ પહેલગામ આંતકવાદીઓના હુમલામાં ૨૬ નિર્દોષ પ્રવાસીઓના મૃત્યુ થયા હતા. જેનો આક્રોશ સમગ્ર દેશની જનતામાં જોવા મળ્યો હતો. દેશની જનતા અને વિપક્ષનો આકરો મિજાજ જોઈને ભારત સરકારે આંતકવાદી હુમલાનો બદલો લેવા માટે ઓપરેશન સિંદુર શરૂ કર્યુ હતું. પાકિસ્તાન સામે ઓપરેશન સિંદુર શરૂ થતા જ દેશની જનતાને એમ હતુ કે નરેન્દ્ર મોદી પાકિસ્તાન પાસેથી POK પરત લઈ લેશે અને પાકિસ્તાન બે ભાગ કરી દેશે પરંતુ જયારે ઓપરેશન સિંદુરમાં પાકિસ્તાન સામે ભારત દેશની સેના બહાદુરી પૂર્વક લડી રહી હતી. ત્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દબાણથી નરેન્દ્ર મોદીએ ઓપરેશન સિંદુર રોકી દીધુ હતું. અને સીઝ ફાયર જાહેર કરવામાં આવ્યું હતું. નરેન્દ્ર મોદીના આ નિર્ણયથી સમગ્ર ભારત દેશની જનતામાં આક્રોશ જોવા મળ્યો હતો અને નરેન્દ્ર મોદીની ઈમેજ પણ ખરડાઈ હતી. નરેન્દ્ર મોદીની આ ખરડાયેલી ઈમેજને બચાવવા માટે સમગ્ર ભારત દેશમાં ભાજપ પક્ષ ધ્વારા તિરંગા યાત્રા કાઢવામાં આવી રહી છે. આ તિરંગા યાત્રાની આડમાં નરેન્દ્ર મોદીની ઈમેજ બચાવવાના પ્રયત્નો ભાજપ પક્ષ ધ્વારા થઈ રહ્યા છે. અને આ તિરંગા યાત્રા ધ્વારા દેશની જનતાને મૂર્ખ બનાવવાનું કામ ભાજપ પક્ષ ધ્વારા કરવામાં આવી રહ્યું છે. તેમ અતે નિવેદનમાં અમરેલી તાલુકા કોંગ્રી પ્રમુખ મનિષ ભંડેરીએ જણાવ્યું છે.

### કીશા પાનસુરિયાએ ૯૮.૫૨ પી.આર. મેળવ્યા

## ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનું ધો. ૧૦ પરીક્ષામાં સર્વશ્રેષ્ઠ પરિણામ

**સંસ્થાના વડા ડો. રતિદાદાએ શુભેચ્છા પાઠવી**



ચલાલા, તા. ૧૬

ચલાલા માર્ચ ૨૦૨૫માં ધોરણ ૧૦માં ગાયત્રી સંસ્કાર વિદ્યાલયમાં અભ્યાસ કરતા પાનસુરીયા કીશા વિપુલભાઈ (૯૮.૫૨ પી.આર.) પ્રથમ, કાથરોટિયા કલ્પેશભાઈ (૯૦.૬૭ પી.આર.) દ્વિતીય, જીયાણી હર્ષ બીપીનભાઈ (૮૮.૮૬ પી.આર.) તૃતીય, MS મહેશભાઈ DC/TF (૮૩.૨૮ પી.આર.) ચતુર્થ, કાકડિયા માનસી શૈલેષભાઈ (૮૦.૦૫ પી.આર.) પાંચમો સ્થાન મેળવી શાળા પરિવાર અને સ્ટાફનું ગૌરવ વધારેલ છે. શાળાના સંચાલક મહેશભાઈ મહેતા (ભારત ભૂષણ) એ જણાવ્યું હતું કે, શાળાના આચાર્ય તથા સ્ટાફગણની અથાગ મહેનત અને બાળકોની ભણવાની ધગશનું આ ગૌરવવંતુ પરિણામ છે. બધા બાળકો તથા સ્ટાફગણને ખુબ ખુબ શુભેચ્છાઓ તથા અભિનંદન.

# અમરેલી : કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પ્રાકૃતિક કૃષિની તાલીમ અપાઈ રહી છે







જુનાગઢ કૃષિ યુનિવર્સિટી હસ્તકના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી ધ્વારા ૧૬મે થી ૨૦મે ૨૦૨૫ સુધી પ્રાકૃતિક કૃષિની તાલીમનું આયોજન ડો. મીનાક્ષી બારિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી ધ્વારા ચાલતા ''નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ'' અંતર્ગત આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેડુત મિત્રોને વધુમાં વધુ પ્રાકૃતિક ખેતી સાથે જોડાય એ માટે પ્રોત્સાહિત કરવા માટે ''નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ'' કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી ધ્વારા ૪૬ કોમ્યુનિટી રિસોર્સ પર્સન (સી.આર.પી)ને આ તાલીમ આપવામાં આવશે. જે ભવિષ્યમાં તેમના આસપાસના ગામોમાં પ્રાકૃતિક ખેતીનો પ્રચાર પ્રસાર કરશે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલીના વૈજ્ઞાનિકો ડો. વી.એસ. પરમાર અને એન. એમ. કાછડિયા ધ્વારા (માસ્ટર ટ્રેનર–પ્રાકૃતિક ખેતી) આ તાલીમ માટેના વિવિધ વિષયો પર ખેડુત મિત્રોને માર્ગદર્શન અને વિવિધ પધ્ધતિઓના અર્ક બનાવવાની તાલીમ પુરી પાડવામાં આવશે. વધુમાં પ્રોજેકટ ડાયરેકટર આત્મા એમ.જેડ. જીડ, નાયબ પશુપાલક નિયામક એસ.બી. કુનડીયા, નાયબ બાગાયત નિયામક એ.એમ. કરમુર પણ હાજર રહ્યા હતા.

# અમરેલી જિલ્લા બાર એસોસિએશન દ્વારા બદલી થયેલ ન્યાયધીશનો વિદાય કાર્યક્રમ યોજાયો



અમરેલી જિલ્લા બાર એસોસીએશન દ્વારા તાજેતરમાં બદલી થયેલ ન્યાયાધીશઓનો વિદાય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રિન્સિપાલ ફેમિલી જજ સોની સાહેબ તથા પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ એમ જે સૈયદ સાહેબ તથા ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ એન જે નાઈ સાહેબ તથા એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ વ્યાસ સાહેબ તથા જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ગઢવી સાહેબની નવા સ્ટેશન પર બદલી થતાં અમરેલી જિલ્લા બાર એસોસિએશન દ્વારા વિદાય કાર્યક્રમ આયોજન રાખેલ હતું અને ભવિષ્યના કારકિર્દીની શુભકામનાઓ પાઠવવામાં આવેલ.

### ગરીબ અને મધ્યમવર્ગીય મુસાફરો લાચાર

## બગસરાનાં એસ.ટી. ડેપો દ્વારા આવકવાળા રૂટો બંધ કરવામાં આવતા મુસાફરો પરેશાન

### બંધ થયેલ એસ.ટી. રૂટ શરૂ કરવા જરૂરી

બગસરા, તા. ૧૬

બગસરા એસટી ડેપો દ્વારા અનેક રૂટો બંધ કરાતા લોકોને પડતી હાલાકીના લીધે મુસાફરોને ચાર ચાર કલાક બસ સ્ટેન્ડમાં બસની રાહે બેસવા મજબૂર બની રહ્યા છે ત્યારે આ અણઘણ વહીવટના લીધે અનેક મુસાફરો હેરાનપરેશાન થઈ ગયા છે.

બગસરામાં ડેપો મેનેજર દ્વારા પોતાની મનમાની કરી બેફામ રૂટો બંધ કરી દેવામાં આવે છે જયારે પહેલા પૂછવામાં આવતું કે આ રૂટો શું કામ બંધ કરો છો અત્યારે તેમના દ્વારા એવા જવાબ મળતા કે ડ્રાઈવરોની ઘટના લીધે રૂટો બંધ કરવા મજબૂર છીએ પરંતુ હાલમાં સરકાર દ્વારા છ મહિનાના કરાર આધારિત ૨૫ જેટલા ડ્રાઈવરોની ભરતી કરવામાં આવી હોવા છતાં અનેક રૂટો બંધ કરવામાં આવી રહ્યા છે અને કાયમી ડ્રાઈવરોને રજાઓ મંજૂર કરવામાં આવી રહી છે આવા અણઘણ વહીવટના લીધે મુસાફરોને ભયંકર હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

આવા વહીવટના લીધે ડ્રાઈવરોમાં પણ કચવાટ જોવા મળી રહ્યો છે કે ડેપો મેનેજર દ્વારા પોતાની મનમાની કરી આડેધડ અનેક પ્રકારના રૂટો બંધ કરી દેવામાં આવે છે અને કાયમી ચાલતા ડ્રાઈવરોને રજા ઉપર મોકલી દેવામાં આવે છે ત્યારે આવું કરવાથી ડ્રાઈવરોને પૂરતો પગાર પણ મળતો નથી અને ડ્રાઈવરોને પણ હાલાકીનો સામનો કરવો પડે છે.

જયારે જાણવા મળતી વિગત અનુસાર બગસરા ડેપોની અંદર અનેક ખખડધજ બસો પડેલી છે તેને પણ ચાલુ કરવામાં આવતી નથી અને તે તમામ બસો ભંગારની અવસ્થામાં થવા જઈ રહી છે પરંતુ ડેપો મેનેજરની ઘોર બેદરકારીના લીધે ઉનાળુ વેકેશનમાં પણ નવા રૂટો ચાલુ કરવામાં આવતા નથી જયારે શહેરના વેપારી મહામંડળ, ચેમ્બર તેમજ પેસેન્જર એસોસિએશનની અનેક વખત રજૂઆત કરવામાં આવી છે કે નવા રૂટો ચાલુ કરો પરંતુ ડેપો મેનેજર તરફથી ફકત એક જ જવાબ મળતો કે ડ્રાઈવરોની કમી છે એટલે નવા રૂટો ચાલુ કરવામાં અસગવડતા ઊભી થાય છે જયારે હાલમાં ૨૫ કરતાં વધારે નવા ડ્રાઈવરોની ભરતી કરવામાં આવી છે તેમ છતાં નવા રૂટો ચાલુ કરવામાં આવવાના બદલે જે કાયમી આવકવાળા રૂટો પણ બંધ કરવામાં ડેપો મેનેજર દ્વારા પાછી પાની કરવામાં આવતી નથી અને ખાનગી વાહનોને પ્રોત્સાહન મળતું હોઈ તેવું પણ લાગી રહયું છે જેના લીધે લોકોને ભયંકર મુશ્કેલીનો સામનો કરવો પડે છે તો આવી પરિસ્થિતિમાં ઉપલા અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવે તો અનેક નવા રૂટો ચાલુ પણ થઈ શકે અને જે બંધ કરવામાં આવેલા છે તેવા રૂટો પણ ચાલુ થઈ શકે તેમ છે. જેથી મુસાફરોને પણ સગવડતામાં વધારો થઈ શકે તો વહેલામાં વહેલી તકે બંધ કરેલા રૂટોને ચાલુ કરવામાં આવે તેવી લોકો દ્વારા માંગ ઉઠી છે.

## ચલાલા : જયમીન માધડે ધો. ૧૦માં ૭૨% માર્ક મેળવ્યા

ચલાલા, તા. ૧૬

મુળ અમરેલી તાલુકાના નાના ભંડારીયા ગામના અને હાલ સુરત રહેતા અને વતીષ્ઠ વિદ્યાલય કતાર ગામ સુરત ધોરણ ૧૦માં અભ્યાસ કરતા તેજસ્વી જયમીન શૈલેષભાઈ રામજીભાઈ માધડે તાજેતરની પરીક્ષામાં ૭૨% માર્ક મળવી જળહળતી સીધ્ધી પ્રાપ્ત કરી મુળ વતન નાના એવા નાના ભંડારીયા ગામનું તેમજ સુરતની વતીષ્ઠ વિદ્યાલયનું અને માધડ પરીવાર સહીત દલીત સમાજનું ગૌરવ વધારેલ છે. તે બદલ ચલાલા ગાયત્રી સંસ્કાર ધામના વડા પૂજય ડો.રતિદાદા મહેતાએ ભાઈ જયમીનને રૂડા આશીર્વાદ પાઠવ્યા છે. તેમજ અમરેલી જીલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયા, ચલાલા નગર પાલીકા પુર્વ પ્રમુખો હિંમતભાઈ દોંગા, ગીતાબેન કારીયા, પુર્વ ઉપ પ્રમુખ જયરાજભાઈ વાળા, શહેર ભાજપ પ્રમુખ જીતુભાઈ કાથરોટીયા, નગર પાલીકા ઉપ પ્રમુખ પ્રવીણભાઈ માલવીયા, પુર્વ સદસ્ય



અશોકભાઈ કાથરોટીયા, વેપારી અગ્રણી પ્રકાશભાઈ કારીયા, શહેર ભાજપ અગ્રણી દાદભાઈ વાળા, ચલાલા શહેર ભાજપ અનુસુચિત જન જાતી મોરચા પ્રમુખ નીતિનભાઈ વાળા, ઉપપ્રમુખ વિજયભાઈ વાળા, મંત્રી વિપુલભાઈ બગડા, શહેર ભાજપ કિશાન મોરચાના પ્રમુખ ઘનશ્યામભાઈ કાથરોટીયા સહીતના આગેવાનોએ અંભિનંદન સહ શુભકામનાઓ પાઠવી આંનદની લાગણી વ્યકત કરી હતી

## પીસી.પી.એન.ડી.ટી એક્ટ-૧૯૯૪ અમરેલી જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

અમરેલી, તા. ૧૬

પીસી.પી.એન.ડી.ટી એકટ–૧૯૯૪ અન્વયે અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના અધ્યક્ષ સ્થાને જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ હતી.

અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ખાતે યોજાયેલી આ બેઠકમાં, બાકી હોય તેવી કાર્યવાહીની વિગતો મેળવી તે અંગે ઘટતું થાય અને તે માટે કામગીરી હાથ ધરવામાં આવે અને પી.એન.ડી.ટી એકટ–૧૯૯૪ અંગેના અમલીકરણ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. નવા રજિસ્ટ્રેશનને બહાલી આપવામાં આવી હતી.

મહત્વનું છે કે, પીસી.પી.એન.ડી.ટી એકટ–૧૯૯૪ અંતર્ગત, સ્ત્રી ભૃણ ગર્ભ પરિક્ષણ અને તે સાથે આવા બિનઅધિકૃત કૃત્યો પણ પ્રતિબંધિત છે, જે અન્વયે કડક કાર્યવાહી કરવા સહિતની જોગવાઈ છે.

સમાજમાં દીકરીઓની સંખ્યા વધે તે માટે તાલુકા કક્ષાએ જનજાગૃત્તિના કાર્યક્રમોનું આયોજન હાથ ધરવા અને દરેક રજિસ્ટર્ડ કિલનિકનું વેરિફિકેશન કરવા સૂચના આપવામાં આવી છે.

પી.એન.ડી.ટી. એકટ અંતર્ગત હોસ્પિટલ, કિલનિક અને સંસ્થાઓએ સી.સી.ટી.વી. લગાવવા ફરજિયાત છે, જે બાબતે અમરેલી જિલ્લામાં જાહેરનામુ અમલી કરવામાં આવ્યું છે.

બેઠકમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈ.એમ.એ.) અમરેલીના પ્રમુખ ડો. ગજેરા, પીસી–પી.એન.ડી.ટી એકટ–૧૯૯૪ અન્વયે અમરેલી જિલ્લા સલાહકાર સમિતિના સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ધારાસભ્ય મહેશ કસવાલાએ તંત્રને તાકીદ કરી

## સાવરકુંડલામાં ચાલતા વિકાસ કાર્યોને લઈને શહેરીજનોને મુશ્કેલી ન પડવી જોઈએ

### જીયુડીસી અને માર્ગ–મકાન, પાલિકાને સુચના આપી

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા શહેરમાં ચાલતા વિકાસના કામોમાં રાજય ધોરી માર્ગની કામગીરી તેમજ નાવલી નદી પર ચાલતી ગટર કામગીરીની ચાલુમાં હોય જે મુખ્ય બજાર હોય જે શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના લોકોની ખૂબ જ મોટા પ્રમાણમાં અવરજવર રહેતી હોય તેઓને મુશ્કેલી ન પડે તે માટે સાઈન બોર્ડ/બેરીકેટ રાખવામાં આવે તેમજ તાજેતરમાં કમોસમી વરસાદના કારણે લોકોને ખૂબ જ મુશ્કેલીનો સામનો



કરવો પડેલ છે તે મુશ્કેલી આગામી ચોમાસા દરમ્યાન ન પડે અને લોકોના જાન માલના રક્ષણ માટે સબંધિત તંત્રને સાવચેતીના પગલાં લેવા તાકીદ કરી તેમજ આવા બનાવો ભવિષ્યમાં લોકોને મુશ્કેલી ન પડે તેની સપૂર્ણ તકેદારી રાખવા માટે જી.યુ.ડી.સી તથા માર્ગ અને મકાન વિભાગ તથા નગરપાલિકાને જરૂરી વ્યવસ્થા કરવા કડક સૂચના આપવામાં આવેલ છે તેવુ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
પ્રવેશની ઉત્તમ તક...
વર્ષ-૨૦૨૫માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદ્દન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮








ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


















ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

# બાબરામાં તાલુકા કૃષિ સેવા સહકારી મંડળીની શુભેચ્છા મુલાકાત કરતા જિલ્લા ભાજપ પ્રમુખ, સાંસદ અને ધારાસભ્ય





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં માર્કેટિંગયાર્ડ ખાતે થોડા દિવસો પહેલા તાલુકા કૃષિ સેવાસહકાર મંડળીનીસ્થાપનાકરવામાં આવી છે. જેમાં ચણા સહિતની ખેતી જણસોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહી હાલ ચણાની ખરીદી તાલુકા કૃષિ સેવા સહકાર ધ્વારા કરવામાં આવી રહીછે. ત્યારે મંડળીનીશુભેચ્છા મુલાકાતે જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણી, સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ધ્વારા મુલાકાત કરી મંડળી ધ્વારા થતી ખરીદીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તાલુકા કૃષિ સેવાસહકાર મંડળીના પ્રમુખ અને જિલ્લા યુવા ભાજપના મહામંત્રી જગદીશભાઈ નાકરાણી ધ્વારા સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, શહેર ભાજપ પ્રમુખ હરેશભાઈ આખજા, શહેર ભાજપ મહામંત્રી જગદીશ વાવડીયા, પાલિકા પૂર્વ વનરાજભાઈ વાળા, તાલુકા ભાજપ અગ્રણી અજિતભાઈ ખોખરીયા, નગરપાલિકા સભ્ય ધર્મેશભાઈ વાવડીયા, વાડળીયા સરપંચ લલિતભાઈ વેકરિયા, તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ કલકાની, જિલ્લા પંચાયત સભ્ય હીમતભાઈ દત્રોજા, રાજુભાઈ વિરોજા, મહેશભાઈ ભાયાણી સહિત શહેર અને તાલુકા ભાજપના અગ્રણીઓ સહકારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## ચલાલામાં ધોળે દિવસે જુગાર રમતા

મજુરી રહે. દાનેવ સોસાયટી ચલાલા, પ્રદિપ વાસુરભાઈ માલા ઉ.વર્ષ ધંધો પ્રાઈવેટ રહે, દાનેવ સોસાયટી ચલાલા, મનસુખ પુંજાભાઈ મુછડીયા ઉ.વર્ષ ૪૫ ધંધો મંજુરી, રહે. દાનેવધામ સોસાયટી દહિંડાપરા ચલાલા, દિંગત ચંદુભાઈ રાજયગુરૂ ઉ.વર્ષ ૪૦ ધંધો ડ્રાઈવર, રહે દાનેવ સોસાયટી ચલાલા અશરફ ગીગાભાઈ કાલીયા ઉ.વર્ષ ૪૪ ધંધો મજુરી રહે, દાનેવ સોસાયટી ચલાલા સહીત સાત ઈસમોને ઝબ્બે કરી પોલીસ કસ્ટડીમા લોકપ કરતા જુગાર રમતા ઈસમો ભારે ફફડાટ ફેલાયો છે. આ પોલીસ કામગીરી ચલાલા પી.આઈ. વસૈયા, હેડ કોન્સ્ટેબલ ભગીરથભાઈ ધાધલ, મહેશભાઈ રાઠોડ, રોનકસીંહ સોલંકી, રવિભાઈ બગડા, માધવસિંહભાઈ ડાભી, પ્રદયુમનભાઈ સિંહ રાઠોડ સહિતનાઓ કરી વધુ તપાસ કરી રહ્યા છે. ચલાલા પી.આર. વસૈયાએ જણાવેલ હતું. કે ચલાલામાં આવા ગંજીપતાથી પૈસાનો રમાતો જુગાર સામે કડક હાથે કામગીરી કરી જુગારના અડાઓને નેસ્ત નાબુદ કરાશે.


**નામ બદલાવેલ છે**

હું **પિયુષ કમલેશભાઈ ગેડીયા** રહે.બગસરા જાહેર કરૂ છું કે, મારૂ જુનુ નામ **પિયુષ કમલેશકુમાર ગેડીયા** અને માતાનું નામ **કુસુમ કમલેશકુમાર ગેડીયા** હતું જે બદલાવીને હવે મારૂ નવું નામ **પિયુષ કમલેશભાઈ ગેડીયા** અને માતાનું નવું નામ **કુસુમબેન કમલેશભાઈ ગેડીયા** કરેલ છે. તો હવેથી હું મારા નવા નામ **પિયુષ કમલેશભાઈ ગેડીયા** નામથી ઓળખાઈશ.

સહી : પિયુષ કમલેશભાઈ ગેડીયા


પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં બહુચર્ચિત લેટરકાંડની

પોલીસ મથકે થવા જણાવ્યા મુજબ પાયલ ગોટી પોતાના માતા પિતા સાથે સાયબર પોલીસ મથકે પહોંચ્યા હતા. સાયબર પોલીસ દ્વારા લેટર કાંડના આરોપી પીડિતા પાયલ ગોટીને હવે પોલીસ સાક્ષી બનાવવાની અટકળો વચ્ચે ફરી પોલીસે જૂના સવાલો કર્યા હતા. અને લેટર તમે લેટર ટાઈપ કર્યો હતો કેમ ? કોના કહેવાથી લેટર તૈયાર કર્યો હતો ? તેવા સવાલો કર્યા હોવાનું જણાવ્યું હતું. પાયલ ગોટીએ પત્રકારોને જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ મામલો હાલ હાઈકોર્ટમાં હોય અને આગામી તા.૧૯ના રોજ આ કેસ અંગેની મુદત હોય ત્યારે આજે સાયબર ક્રાઈમ પોલીસ તરફથી પાયલ ગોટીને સમન્સ પાઠવવામાં આવતાં ફરી બનાવ ચર્ચામાં આવ્યો છે.

પાના ૧ ઉપરનું ચાલું

## બાઈક સ્લીપ થતાં આધેડનું થયું મોત

આવેલા ખાળિયામાં અકસ્માતે સ્કૂટર સ્લીપ થઈ પડી જતા ગંભીર ઈજા થવા પામી હતી. બનાવની જાણ થતાં આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ ધ્વારા તાત્કાલિક સારવારમાં ખસેડયા હતા. જયાં ડોકટરે તેને મૃત જાહેર કર્યા હતા. રોડમાં કોન્ટ્રાકટરોની બેદરકારીના કારણે વારંવાર અકસ્માતો બની રહ્યા છે. જેનો શહેરમાંથી વિરોધ પણ થઈ રહ્યો છે પરંતુ વહીવટી તંત્ર દ્વારા બેદરકારી દાખવાતી હોય ગઈકાલે જીવલેણ અકસ્માત બનવા પામ્યો છે. ત્યારે હવે જોવાનું રહેશે કે રોડ બની રહ્યો છે ત્યાં ફેન્સીંગ અને દિશાસુચક બોર્ડ લગાવવામાં આવે છે કે કેમ? તંત્ર અને કોન્ટ્રાકટરની બેદરકારીનો શહેરીજનો આમ કયાં સુધી શિકાર બનતા રહેશે ? એવો સવાલ પણ શહેરના બુધ્ધિજીવીઓમાં ચર્ચાઈ રહ્યો છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં ૪ મહિલાઓ સહિત

હાથ ધરેલ હતી.

બીજા બનાવમાં ચલાલા ગામે રહેતા રઘુવીરભાઈ રામકુભાઈ માંજરીયા, મનુભાઈ કાથડભાઈ ધાધલ, પ્રદિપભાઈ વાસુરભાઈ માલા, મનસુખભાઈ પુંજાભાઈ મુછડીયા, દિગંતભાઈ ચંદુભાઈ રાજયગુરૂ, કનુભાઈ રામભાઈ વાળા તથા અશરફભાઈ ગીગાભાઈ કાલીયા સહિત સાતેય ઈસમો ચલાલા ગામે તા. ૧૫ ના રોજ બપોરે જાહેરમાં પૈસા વડે તીનપતીનો જુગાર રમતા રોકડા રૂપિયા ૨૬,૫૩૦ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન મળી આવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી.

ત્રીજા બનાવમાં સાવરકુંડલા ગામે રહેતા હરસુરભાઈ લખુભાઈ ભાંભળા, રજાકભાઈ સુલેમાનભાઈ શેખ, વસીમ ઈબ્રાહીમભાઈ કાલવા, મોહમદ ઉર્ફે તગારી હનીફભાઈ બાવનકા, અલ્તાફભાઈ હનીફભાઈ બાવનકા તથા કાળુભાઈ ઉકાભાઈ પરમાર સહિત છ ઈસમો તીનપતીનો જુગાર રમતા હોય. પોલીસે દરોડો પાડી રોકડા રૂપિયા ૧૮,૭૦૦ તથા મોબાઈલ ફોન નંગ–૨ રૂપિયા ૧૨,૦૦૦ મળી કુલ રૂપિયા ૩૦,૭૦૦ના મુદ્દામાલ સાથે બે આરોપી ઝડપાય ગયા હતા જયારે ૬ આરોપી નાસી ગયા હતા.

ચોથા બનાવમાં લીલીયા તાલુકાના ગુંદરણ રહેતા લાલજીભાઈ છનાભાઈ પરમાર, ભરતભાઈ ઉર્ફે ભોળાભાઈ ખીમજીભાઈ રાઠોડ તથા મયુરભાઈ બાબુભાઈ જેબલીયા સહિત ત્રણેય ઈસમો જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે તીન પતીનો હાર જીતનો જુગાર રમતા રેઈડ દરમ્યાન રોકડા રૂા. ૬૮૮૦ના મુદામાલ સાથે પકડાઈ જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી.

પાના ૧ ઉપરનું ચાલું

## જાફરાબાદનાં લાઈટ હાઉસ માર્ગની

અનેક ઉપાયો કરવામાં આવ્યાં છે. તેમાંનો એક ઉપાય એટલે જાહેરમાં ગંદકી ના થાય એટલે ગુજરાતના દરેક ગામ અને શહેરમાં ભૂગર્ભ ગટર યોજના લાગુ કરવામાં આવી આ યોજનાને શરૂ કરવા પાછળનો ઈરાદો ખુબ જ સારો છે. પરંતુ કેટલાક તત્વો દરેક જગ્યાએથી આર્થિક લાભ મેળવવાનો અવસર શોધતા હોય છે. તેના કારણે આ યોજના ગંદકી દૂર કરવાનાં બદલે ગંદકી વધારવાનું કારણ બની ગઈ છે. ભૂગર્ભ ગટર દ્વારા થતી ગંદકીની ફરિયાદો આવવા લાગી છે. આ ભૂગર્ભ ગટર ઉભરાવાની સમસ્યાથી સ્થાનિક રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. અહીં આવેલ તળાવમાં એકઠું થતું ડ્રેનેજ પાણીના કારણે પીવાના પાણીની લાઈનમાં ડ્રેનેજનું ગંદુ પાણી ભળતુ હોય આવા પાણીથી કેટલાક પરિવારો ગંભીર રોગના ચપેટમાં આવી શકે છે. એની કલ્પના પણ કરવી મુશ્કેલ છે.! એક તરફ જાફરાબાદને સિંગાપુર અને પેરિસ બનાવવાની વાતો અને એક તરફ ડ્રેનેજ પર અટકેલો વિકાસ સમજાતું નથી કે આપણું જાફરાબાદ કયારે મુંગેરી લાલ કે હસીને સપને માંથી બહાર આવશે.? ફક્ત સ્વપ્નની દુનિયા માંજ જીવતું જાફરાબાદ વાસ્તવિકતાથી દસકાઓ પાછળ ચાલી ન રહ્યું હોય ! અહીંના રહીશો પાલિકાને દરેક સ્તરે ટેકસ ભરવા છતાં ગટરના ગંધાતા પાણી વચ્ચે જીવવું પડે છે. અહીંના વોર્ડ નંબર ૭ના ચુંટાયેલા સદસ્યોને અહીંના રહીશો દ્વારા આ બાબતે રજૂઆત કરવામાં આવતા ચુંટાયેલા સદસ્યોએ આ બાબતે હાલમાં જ મળેલી જડલ બોર્ડની મીટીંગમાં આ તળાવના પાણીના નિકાલ માટે તથા અમુક એરિયામાં રહેતો અંધારપટ માટે સ્ટ્રીટ લાઈટ તથા અન્ય પ્રશ્નો મૌખિક રજૂઆતો કરવામાં છતાં અમારૂં કોઈ સાંભળતું નથી. તેવું જણાવેલ હતું શું આ બાબતે ભાવનગર નિયામક કચેરી પ્રજાની સમસ્યાનો અભ્યાસ કરી નિકાલ કરાવે તેવી માંગ અહીંના સભ્યો દ્વારા ઉઠી છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૦૦ | ૧૦૮૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૧૪ | ૧૦૧૪ |
| ૩ | શિંગ મોટી | ૮૬૧ | ૧૦૩૬ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૩૨૬ |
| ૫ | તલ સફેદ | ૧૧૫૦ | ૨૨૭૫ |
| ૬ | તલ કાળા | ૨૭૯૦ | ૩૮૯૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૦૯૦ | ૨૦૯૦ |
| ૮ | બાજરો | ૩૫૦ | ૫૭૦ |
| ૯ | જુવાર | ૪૦૫ | ૭૫૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૧૧ | ૫૬૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૦૪ | ૫૩૫ |
| ૧૨ | મગ | ૯૩૦ | ૯૩૦ |
| ૧૩ | ચણા | ૯૩૩ | ૧૦૭૯ |
| ૧૪ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૧૩૦ |
| ૧૫ | ચણા સફેદ | ૭૦૦ | ૧૧૦૦ |
| ૧૬ | છોલે ચણા | ૧૭૧૫ | ૧૭૧૫ |
| ૧૭ | ચોળી | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૮ | તુવેર | ૭૪૦ | ૧૪૨૧ |
| ૧૯ | કપાસ | ૭૪૫ | ૧૫૭૪ |
| ૨૦ | એરંડા | ૧૦૫૦ | ૧૧૯૪ |
| ૨૧ | જીરૂ | ૨૨૦૦ | ૩૮૮૦ |
| ૨૨ | રાયડો | ૯૨૫ | ૧૦૨૦ |
| ૨૩ | ધાણા | ૯૯૯ | ૧૩૦૦ |
| ૨૪ | ધાણી | ૧૦૦૦ | ૧૪૬૫ |
| ૨૫ | અજમા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૨૬ | મેથી | ૭૫૦ | ૮૭૦ |
| ૨૭ | સોયાબીન | ૬૮૦ | ૮૦૮ |
| ૨૮ | કાંગ | ૫૧૦ | ૫૧૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૯૦ | ૮૯૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૧ | ૪૮૫ |
| ૩ | ચણા | ૯૦૦ | ૧૦૫૦ |
| ૪ | સફેદ ચણા | ૧૧૪૦ | ૧૧૪૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૮૦ | ૧૦૪૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૪૫ |
| ૩ | શીંગ નવી | ૯૯૦ | ૧૧૮૬ |
| ૪ | તલ સફેદ | ૧૮૪૫ | ૨૦૦૦ |
| ૫ | તલ કાળા | ૩૩૮૦ | ૩૯૦૦ |
| ૬ | જીરૂ | ૩૮૫૦ | ૪૩૨૫ |
| ૭ | કપાસ | ૧૪૧૦ | ૧૫૦૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૪૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૮૨ |
| ૧૦ | બાજરો | ૩૫૦ | ૬૦૦ |
| ૧૧ | જુવાર | ૪૫૦ | ૭૬૦ |
| ૧૨ | મકાઈ | ૪૦૦ | ૬૨૦ |
| ૧૩ | ચણા | ૧૦૬૩ | ૧૧૦૦ |
| ૧૪ | દેશી ચણા | ૧૧૫૦ | ૧૨૮૧ |
| ૧૫ | તુવેર | ૧૦૫૦ | ૧૨૦૬ |
| ૧૬ | એરંડી | ૧૧૦૦ | ૧૧૮૨ |
| ૧૭ | મેથી | ૮૦૦ | ૧૦૦૦ |
| ૧૮ | ધાણા | ૧૦૫૦ | ૧૩૮૦ |
| ૧૯ | સોયાબીન | ૭૦૦ | ૭૬૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૬૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૩૦ | ૧૪૨૦ |
| ૩ | મગફળી | ૯૫૦ | ૧૦૩૮ |
| ૪ | જીરૂ | ૩૮૦૦ | ૪૦૨૦ |
| ૫ | ઘઉં | ૪૫૦ | ૫૫૦ |
| ૬ | તલ સફેદ | ૧૭૫૫ | ૧૯૯૦ |
| ૭ | ચણા | ૯૦૦ | ૧૦૮૦ |
| ૮ | એરંડા | ૧૦૧૦ | ૧૧૩૫ |
| ૯ | તલ કાળા | ૩૭૦૦ | ૩૭૪૦ |
| ૧૦ | મગ | ૮૨૫ | ૧૩૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૪૩ |
| ૨ | ઘઉં લોકવન | ૪૧૪ | ૪૭૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૪૫ | ૪૯૫ |
| ૪ | ચણા | ૮૦૫ | ૧૦૪૦ |
| ૫ | એરૂંડા | ૧૦૪૦ | ૧૦૬૫ |
| ૬ | ધાણા | ૧૧૧૫ | ૧૨૦૫ |
| ૭ | તલ સફેદ | ૧૬૮૦ | ૧૬૮૦ |
| ૮ | શીંગદાણા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૯ | મગફળી | ૮૫૦ | ૮૫૦ |
| ૧૦ | તુવેર | ૧૧૫૦ | ૧૩૩૦ |
| ૧૧ | સોયાબીન | ૬૪૪ | ૮૦૩ |
| ૧૨ | જુવાર | ૬૯૫ | ૬૯૫ |
| ૧૩ | જીરૂ | ૩૪૫૫ | ૩૪૫૫ |


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

**સંકુલ ધો. ૧૧ પ્રવેશ – A1 A2 ગ્રેડને ફી રાહત**

**સંકુલ ધો. ૧૨ રીઝલ્ટ – A1 A2 ગ્રેડને ફી પરત**

★ ધો. ૧૧ આર્ટસ કોમર્સ સાયંસ માં પ્રવેશ લેનાર ધો. ૧૦ A1 ગ્રેડને ધો. ૧૧–૧૨ બન્ને વર્ષ 50% ફી રાહત – A2 ગ્રેડને 25%

★ ધો. ૧૨ આર્ટસ કોમર્સ સાયંસ માં A1 ગ્રેડ લાવનારને ધો. ૧૧–૧૨ બન્ને વર્ષની ભરેલ ફી 50% પરત – A2 ગ્રેડને 25% (સંકુલ કોલેજ પ્રવેશ લેનારને)

★ KG ટુ PG – સંકુલ ઓછી ફી – સારૂ શિક્ષણ – સારી વ્યવસ્થા – ઉચ્ચ પરિણામ


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૫૦ | ૧૦૧૦ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૭ | ૨૦૦૬ |
| ૩ | તલ કાળા | ૩૫૦૦ | ૩૬૮૮ |
| ૪ | તલ પીળા | ૧૮૭૧ | ૧૮૭૧ |
| ૫ | કપાસ | ૧૧૧૧ | ૧૫૦૦ |
| ૬ | બાજરો | ૪૨૫ | ૪૩૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૫ |
| ૮ | જુવાર | ૬૦૦ | ૯૩૧ |
| ૯ | મકાઈ | ૫૦૦ | ૫૦૧ |
| ૧૦ | મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૧ | અડદ | ૧૨૩૦ | ૧૨૩૦ |
| ૧૨ | ચણા | ૯૫૦ | ૧૦૬૦ |
| ૧૩ | ધાણા | ૭૦૦ | ૭૦૦ |
| ૧૪ | રાય | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૧૫ | એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |

# અમરેલી જિલ્લા પંચાયત ખાતે મહા રકતદાન કેમ્પ યોજાયો






ભારત દેશના જાંબાજ જવાનો દ્વારા ઓપરેશન સિંદૂર અંતર્ગત હાલની અને ભવિષ્યની પરિસ્થિતિને પહોંચી વળવા માટે અને સૈનિકો તથા નાગરિકો માટે રક્તની જરૂરિયાતને ધ્યાનમાં રાખી અમરેલી જિલ્લા પંચાયત ખાતે મહા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મહા રકતદાન કેમ્પમાં, જિલ્લા પંચાયત પ્રમખ અને સાંસદ ભરતભાઈ સુતરિયા, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિની ચેરમેન અશ્વિનભાઈ કુંજડિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા સહિત અધિકારીઓ, પદાધિકારીઓ અને કર્મયોગીઓ સહિતનાઓએ ઉપસ્થિત રહી રકતદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા. મહારકતદાન કેમ્પમાં ૧૧૫ યુનિટ બ્લડ કલેકશન થયું હતું. મહા રકતદાન કેમ્પમાં, જિલ્લાની સારહી યુથ કલબ, લાયન્સ કલબ રોયલ, રોટરી કલબ, બજરંગ દળ, વેપારી મહા મંડળ, વિવિધ જ્ઞાતિ મંડળો સહિતની સંસ્થાઓએ સહયોગી તરીકે પોતાની સેવાઓ પૂરી પાડી હતી. અમરેલી જિલ્લા પંચાયત આરોગ્યશાખા દ્વારા આયોજિત આ મહા રક્તદાન કેમ્પમાં જિલ્લાના વિવિધ અધિકારી, કર્મચારીઓએ અને અમરેલીના રક્ત દાતાઓએ રકતદાન કરીને કેમ્પને સફળ બનાવ્યો હતો.

